02672 241481
Email – dsopanchmahal29@gmail.com

જા.નં.જી.ર.ગ.અ./ખે.મ.કું–૨૦૧૯
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી
બહુમાળી ભવન,જિલ્લા સેવા સદન ભાગ–ર,
પ્રથમ માળે,રૂમ નં–૩૫ ગોધરા
જિ.પંચમહાલ
તા.૧૪/૧૧/૨૦૧૯

રાજયકક્ષા એથ્લેટીકસ ભાઈઓ
**અં–૯,૧૧, ઓપન વિભાગ તથા**
**શિક્ષક વિભાગ**

પ્રતિ,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી તમામ,
સિનિયરકોચશ્રી તમામ,
ગુજરાત રાજય.

**વિષય:–** ખેલ મહાકુંભ–૨૦૧૯ રાજયકક્ષાની એથ્લેટીકસ અં–૯, અં–૧૧, ઓપન વિભાગ તથા શિક્ષક વિભાગ વયજુથ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલી આપવા બાબત..

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે ખેલમહાકુંભ–૨૦૧૯ અંતર્ગત રાજયકક્ષા એથ્લેટીકસ ભાઈઓ અં–૯, અં–૧૧, ઓપન વિભાગ તથા શિક્ષક વિભાગ ભાઈઓ સ્પર્ધાનુ આયોજન તા.૨૯/૧૧/૨૦૧૯ થી ૦૨/૧૨/૨૦૧૯ દરમ્યાન નીચે દર્શાવેલ કાર્યક્રમ દરમ્યાન યોજાનાર છે. જે અંગે આપના જિલ્લાની વિજેતા ખેલાડીઓની KMK ID વાળી એન્ટ્રી એકસલ ફોર્મેટમાં અત્રેની ઈમેઈલ આઈ.ડી. : dsopanchmahal29@gmail.com પર મોકલી આપવા તેમજ ખેલાડીઓને જાણ કરી આ સ્પર્ધા ભાગ લેવા મોકલવા વિનંતી. સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે.

રાજયકક્ષા એથ્લેટીકસ(ભાઈઓ) સ્પર્ધા નો દૈનિક કાર્યક્રમ

**સ્પર્ધા,રીપોટીગ,નિવાસ સ્થળ : રમત–ગમત સંકુલ,કનેલાવ ગોધરા**

**સંપર્ક નંબર :–**

રીર્પોટીગ સંપર્ક : ૧. અર્જુનસિંહ બારીઆ – ૯૯૨૪૮૫૨૪૮૫ ૨. જયદિપ રાઠવા – ૯૪૨૬૨૨૫૦૮૩
નિવાસ વ્યવસ્થા : જયદિપ રાઠવા – ૯૪૨૬૨૨૫૦૮૩
કાર્યાલય સંપર્ક : શ્રી ગોપાલભાઈ વરીઆ – ૯૮૯૮૩૪૪૫૮૩, રાજેશ એલ.પારગી (પ્રા.યુ.વી.અ) ૬૩૫૩૯૩૫૬૫૭
ટેકનીકલી નોડલ ઓફિસર સંપર્ક : કાનજી ભાલીયા – ૯૪૨૯૦૦૦૦૪૦

| ક્રમ | વય જુથ | રીપોટીગ તારીખ અને સમય | સ્પર્ધા તારીખ અને સમય | ટીમોનું પ્રસ્થાન |
|---|---|---|---|---|
| ૧ | અં–૯, અં–૧૧, શિક્ષક વિભાગ | તા.૨૯/૧૧/૨૦૧૯ સવારે ૮:૦૦ કલાકે<br>સવારે ૧૦:૦૦ કલાકે ટીમ મેનેજર મીટીગ | ૨૯/૧૧/૨૦૧૯ બપોરે ૧૨:૦૦ કલાકે | ૨૯/૧૧/૨૦૧૯ સાંજે ૫:૦૦ કલાકે |
| ૨ | ઓપન વિભાગ (૧૭ વર્ષથી ઉપર) | તા.૨૯/૧૧/૨૦૧૯ સાંજે ૪:૦૦ કલાકે<br>સાંજે ૭:૦૦ કલાકે ટીમ મેનેજર મીટીગ<br>સીધી રાજયકક્ષા ઈવેન્ટ ૪૦૦મી.વિઘ્ન દોડ, ૫૦૦૦મી. દોડ તા.૩૦/૧૧/૨૦૧૯ સવારે ૯:૦૦ કલાકે રીર્પોટીગ<br>સીધી રાજયકક્ષા ઈવેન્ટ ૧૧૦મી વિઘ્ન દોડ, હેમર થ્રો, પોલવોલ્ટ તા.૦૧/૧૨/૨૦૧૯ સવારે ૯:૦૦ કલાકે રીર્પોટીગ | ૩૦/૧૧/૨૦૧૯ સવારે ૭:૦૦ કલાકે | ૦૨/૧૨/૨૦૧૯ સાંજે ૫:૦૦ કલાકે |

**ખાસ નોંધ** : સીધા રાજયકક્ષાની સ્પર્ધામાં ખેલાડીઓએ સ્પર્ધા તારીખે સવારે ૯:૦૦ કલાકે રીર્પોટીગ કરવાનુ રહેશે. આ ખેલાડીઓને પ્રવાસ ભથ્થુ આપવામાં આવશે નહી, તેઓએ રહેવાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

અગત્યની સુચનાઓઃ–

- પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેંકના ખાતામાં કે ચેક થી ચુકવામાં આવશે. જેથી કેન્સલ ચેક તથા બેંક એકાઉન્ટની વિગત સાથે લઈને આવવાનુ રેહેશે.
- મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા સાથે આવવાનુ રહેશે.
- ઓનલાઈન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોંચ ઉપર ફોટા ચોટાડી ફરજીયાત સાથે લાવવાની રહેશે. અથવા એલીજીબીલીટી ફોર્મમાં ફોટા સાથે સહી સિકકા કરાવી લાવવાના રહેશે.
- સ્પર્ધા/નિવાસ સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર વ્યકિત ને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
- સરકારશ્રીના નિયમ મુજબ ટુંકામાં ટુંકા અંતરની મુસાફરી કરવાની રહેશે.મુસાફરીની ટીકીટ ટીમ મેનેજરે અવશ્ય રજુ કરવાની રહેશે.(ખાનગી/લકઝરી બસનું પ્રવાસ ભાડું ચુકવવામાં આવશે નહિ.)
- નિવાસ સ્થળે નિયત ડીપોઝીટ જમા કરાવવાની રહેશે.સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજવસ્તુ જમા કરાવ્યા બાદ ડિપોઝીટ પરત કરવામાં આવશે.
- ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકેનો એક જ વ્યકિતએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહીવાળો ઓર્ડર લઈને આવવાનું રહેશે.
- ઋતુ અનુસાર ઓઢવા–પાથરવાનું તેમજ રૂમને લગાવવાનું તાળુ પોતાની સાથે લાવવાનું રહેશે. તેમજ ખેલાડીઓએ કિમતી સામાન સાથે લાવવો નહી અન્યથા જવાબદારી તેની પોતાની રહેશે.
- ભાગ લેનાર ખેલાડીઓના જન્મતારીખ/ રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.

**નોંધ :– આ પરીપત્રની નકલ ટીમ મેનેજરને અવશ્ય આપવી.**

આપનો વિશ્વાસું

**(પ્રકાશ કલાસવા)**
જિલ્લા રમતગમત અધિકારી
પંચમહાલ–ગોધરા

<u>નકલ રવાના જાણ સારૂ.</u>:–

૧. માન.અંગત સચિવશ્રી માન.મંત્રીશ્રી રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતીઓ વિભાગ, ગાંધીનગર.
૨. માન.ડાયરેકટરશ્રી સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૩. માન.સચિવશ્રી સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૪. માન.જિલ્લા કલેકટરશ્રી, પંચમહાલ–ગોધરા.
૫. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,પંચમહાલ–ગોધરા.
૬. માન.જિલ્લા પોલીસ વડાશ્રી, પંચમહાલ–ગોધરા.
૭. માન.નિવાસી અધિક કલેકટરશ્રી,પંચમહાલ–ગોધરા.
૮. માન.પ્રાંત અધિકારીશ્રી, ગોધરા.
૯. માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ–ગોધરા.
૧૦.માન.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,પંચમહાલ–ગોધરા.
૧૧.માન.નાયબ માહિતીનિયામકશ્રી ગોધરા, વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી અર્થે.
૧૨.સિનિયર કોચશ્રી, જિલ્લા રમતપ્રશિક્ષણ કેન્દ્ર,ગોધરા. જરૂરી મેદાન તથા નિવાસ વ્યવસ્થા પુરી પાડવા બાબત.